| કુલ ગુણ | 100 |
|---|---|

# PAPER - 2

## ગુ.શિ.સેવા(વ.શા.)વર્ગ-૨ માંથી ગુ.શિ.સેવા (વ.શા)વર્ગ-૧માં બઢતી મેળવવા માટેની ખાતાકીય પરીક્ષા-ઓક્ટોબર-૨૦૨૪

| કેટેગરી |
|---|
| A |

SEAL SEAL SEAL SEAL SEAL SEAL
SEAL SEAL SEAL SEAL SEAL SEAL

**PAPER-2**

SEAL SEAL SEAL SEAL SEAL SEAL

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપવાઇઝરની સહી

| પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ | |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં |
| (2) | મોબાઈલ ફોન, કેલક્યુલેટર, સ્માર્ટ વોચ, પેજર, સ્પાય કેમેરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઇ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (6) | ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકશે નહીં. |
| (9) | પ્રશ્નપત્રની પુસ્તિકામાં કે પ્રશ્નના જવાબ આગળ કોઇપણ પ્રકારની નિશાની કરવી નહી. |
| (10) | આ કસોટી પત્રમાં કુલ -100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ (B) નું વર્તુળ ઘુંટવાન(Encode) કરવાનું થાય.<br>Ⓐ●ⒸⒹ |
| (11) | પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપત્ર થશે. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. **(NO NEGATIVE MARKING SYSTEM)** |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (14) | આ પરીક્ષા માટેનો સમય ૧૮૦ મિનિટનો છે. |

# રફ કામ માટેનું પેઈજ

(1) શિક્ષણ વિભાગ હેઠળ પ્રાથમિક શિક્ષકોને લગતા નીતિ-વિષયક બાબતો અંગેના નિર્ણય લેવા સંદર્ભ કઈ બ્રાંચ કાર્યરત છે ?

(A) L Branch
(B) E Branch
(C) K Branch
(D) G1 Branch

(2) રાજ્યમાં ડી.એલ.એડ્. પરીક્ષાનું આયોજન અને વ્યવસ્થાપન કઈ સંસ્થા દ્વારા કરવામાં આવે છે ?

(A) જી.સી.ઈ.આર.ટી.
(B) રાજ્ય પરીક્ષા બોર્ડ
(C) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
(D) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

(3) શિક્ષણ વિભાગની કઈ બ્રાંચ ગ્રાંટ-ઇન-એઇડ માધ્યમિક શાળાની નીતિઓ વિશે કાર્ય કરે છે ?

(A) K Branch
(B) N Branch
(C) G-1 Branch
(D) G Branch

(4) શિક્ષણ વિભાગની માહિતી મેળવવા માટે રાજ્ય સરકારની અધિકૃત ગણી શકાય તેવી વેબસાઇટ નીચે પૈકી કઈ છે ?

(A) http://gujarat-education.gov.in
(B) http://gujarateducation.com
(C) http://gujaratedu.gov.in
(D) http://educationgujarat.com

(5) રાજ્યમાં PTC (D.EL.Ed.), Pre. PTC ના પ્રવેશ અંગેની પ્રક્રિયા કઈ કચેરી દ્વારા હાથ ધરવામાં આવે છે ?

(A) રાજ્ય પરીક્ષા બોર્ડ
(B) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ
(C) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી
(D) ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

(6) સમગ્ર શિક્ષા અભિયાનમાં કેન્દ્ર પુરસ્કૃત વિવિધ યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં આપેલ પૈકી કઈ યોજના સમાવિષ્ટ નથી ?

(A) સર્વ શિક્ષા અભિયાન
(B) રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન
(C) રાષ્ટ્રીય ઉચ્ચ શિક્ષા અભિયાન
(D) ટીચર્સ એજ્યુકેશન

(7) સમગ્ર શિક્ષા અંતર્ગત શાળાઓને સંયુક્ત શાળા ગ્રાંટ આપવામાં આવે છે. સામેલ વિકલ્પ પૈકી કયો વિકલ્પ યોગ્ય નથી.

(A) 1 થી 30 વિદ્યાર્થી નામાંકન માટે રૂા. 10,000/-
(B) 31 થી 250 વિદ્યાર્થી નામાંકન માટે રૂા. 25,000/-
(C) 251 થી 1000 વિદ્યાર્થી નામાંકન માટે રૂા. 75,000/-
(D) 100 થી ઉપરના નામાંકન માટે રૂા. 1,00,000/-

(8) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગરની નિયામક (સંચાલક મંડળ) સભાના અધ્યક્ષ તરીકે કોણ ફરજ બજાવે છે ?

(A) શિક્ષણમંત્રીશ્રી
(B) પ્રાથમિક શિક્ષણનો હવાલો સંભાળતા અગ્રસચિવશ્રી
(C) કાર્યવાહક પ્રમુખશ્રી
(D) નિયામકશ્રી, પાઠ્યપુસ્તક મંડળ

(9) "નવભારત સાક્ષરતા કાર્યક્રમ" હેઠળ નવસાક્ષરોનું મૂલ્યાંકન કઈ સંસ્થા દ્વારા કરવામાં આવશે.

(A) GCERT
(B) રાજ્ય પરીક્ષા બોર્ડ
(C) નેશનલ / સ્ટેટ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓપન સ્કૂલીંગ
(D) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

(10) મધ્યાહન ભોજન યોજનાનું "પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ (પીએમ પોષણ) યોજના" તરીકેનું નવું નામાભિધાન કયા વર્ષમાં કરવામાં આવ્યું ?

(A) 2022 (B) 2023 (C) 2024 (D) 2021

(11) ગુજરાતની લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ તરીકે ઓળખાતી G-Shala એપનું પૂર્ણ નામ શું છે ?

(A) Gujarat Students Holistic Assessment Learning App
(B) Gujarat Student's Holistic All Learning App
(C) Gujarat Student's Holistic Adaptive Learning App
(D) Gujarat Student's Holistic Alternative Learning App

(12) રાજ્ય પરીક્ષા બોર્ડની કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે કોણ ફરજ બજાવે છે ?

(A) અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ
(B) અગ્રસચિવ, શિક્ષણ વિભાગ
(C) શિક્ષણમંત્રીશ્રી
(D) મુખ્ય સચિવશ્રી

(13) ગુણોત્સવ 2.0 અંતર્ગત મુખ્ય ક્ષેત્ર : 5 ના પેટા ક્ષેત્ર 1 મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ યોજના પરીક્ષામાં વિદ્યાર્થીની ભાગીદારીને કેટલું વેઈટેજ આપવામાં આવેલ છે ?

(A) 5 % (B) 7.5 % (C) 10.0 % (D) 15.0 %

(14) ખાસ પ્રકારની નોકરીઓ માટે ઉમેદવારોની પાત્રતાની ચકાસણી કરવા NPE - 1986 માં કઈ સંસ્થાની સ્થાપના કરવાની ભલામણ કરવામાં આવી છે ?

(A) નેશનલ ટેસ્ટીંગ સર્વીસ
(B) નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓપન સ્કૂલીંગ
(C) ઈંદીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી
(D) ઓલ ઈન્ડીયા કાઉન્સીલર ફોર ટેકનીકલ એજ્યુકેશન

(15) ગુજરાતી ભાષાનો વિશ્વકોષ તૈયાર કરવા બાબત રચાયેલ ટ્રસ્ટ તરફથી થયેલ રજૂઆતો, ગ્રાન્ટ વગેરેની કામગીરી શિક્ષણ વિભાગમાં કઈ શાખા દ્વારા કરવામાં આવે છે ?

(A) ખ-1 શાખા
(B) ખ-2 શાખા
(C) ખ શાખા
(D) સ શાખા

(16) "શિક્ષણ વિભાગની" અપીલ સેલની કામગીરીમાં નીચેના પૈકી કઈ કામગીરીનો સમાવેશ થતો નથી ?

(A) કમિશનર શાળાઓની કચેરીની અપીલોના હુકમ સામે થયેલ કોર્ટ કેસોની કામગીરી.

(B) ગુજરાત પાઠ્યપુસ્તક મંડળ સિવાયના અન્ય તથા CBSE ના મંજૂરી વગર અભ્યાસક્રમ ચલાવતી હોય તેવી ખાનગી પ્રાથમિક શાળાઓને શિક્ષણ વિભાગના ઠરાવ આંક : પીઆરઈ/11/2014/સી.કા./10/ક તા. 02/12/2016 ના ઠરાવ અન્વયે દંડ કરવાની અપીલો.

(C) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરીની અપીલોના હુકમ સામે થયેલ કોર્ટ કેસોની કામગીરી.

(D) તકેદારી આયોગ તરફથી શિક્ષણ સંવર્ગ વર્ગ-1 તથા વર્ગ-2 અધિકારીઓની ગેરરીતિ, ભ્રષ્ટાચાર તેમજ અન્ય બાબતોમાં થતી તમામ પ્રકારની ભલામણો તથા તપાસ અંગેની તમામ કામગીરી.

(17) "શિક્ષણ વિભાગની" ગ-2 શાખામાં નીચેના પૈકી કઈ કામગીરીનો સમાવેશ થતો નથી ?

(A) બિન સરકારી માધ્યમિક શાળામાની ગ્રાન્ટને લગતી બાબતો.

(B) બિનસરકારી માધ્યમિક શાળાઓને કમ્પ્યૂટર સહાય આપવા બાબત.

(C) બિનસરકારી માધ્યમિક શાળાઓમાં બોનસ યોજના અને તેમાંથી ઊભા થતા વ્યક્તિગત સામાન્ય પ્રશ્નો

(D) બિનસરકારી માધ્યમિક શાળાઓમાં ચાલતી ગેરરીતિની કામગીરી.

(18) સ્પીપા ખાતેની તાલીમોની કામગીરી "શિક્ષણ વિભાગની" કઈ શાખા દ્વારા કરવામાં આવે છે ?

(A) ર શાખા | (B) ફ શાખા

(C) વ.2 - શાખા | (D) સ શાખા

(19) "શિક્ષણ વિભાગની" લ શાખા અંતર્ગત નીચેના પૈકી કઈ કામગીરી હાથ ધરવામાં આવતી નથી ?

(A) ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-1, 2 ના અધિકારીના કોર્ટકેસને લગતી બાબતોની કામગીરી.

(B) શિક્ષણ સંવર્ગ વર્ગ-1 તથા વર્ગ-2 ના તમામ અધિકારીઓ (શિક્ષણ વિભાગ હસ્તકના ખાતાના વડાની કચેરીઓ તથા તે હસ્તકના કચેરીઓના) સામેની ખાતાકીય તપાસની બાબતો.

(C) કમિશનર શાળા હસ્તકના મહેકમને લગતી, બજેટ સંબંધિત તમામ કામગીરી.

(D) નિયામક, સંયુક્ત નિયામક, નાયબ નિયામક તથા જિલ્લા શિક્ષણાધિકારી સંવર્ગોના ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-1 ના અધિકારીઓની કામચલાઉ અને આખરી શ્રેયાન યાદીઓ બહાર પાડવાની તમામ કામગીરી.

(20) સેન્ટર ઓફ એક્સેલન્સ અંતર્ગત પ્રથમ તબક્કામાં નીચેના પૈકી કયા ડાયટની પસંદગી કરવામાં આવેલ નથી ?

(A) ગાંધીનગર | (B) સુરત

(C) રાજકોટ | (D) નવસારી

(21) રાજ્ય પરીક્ષા બોર્ડની સામાન્ય સભાના સભ્યોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) કમિશનરશ્રી, શાળાઓ

(B) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન

(C) સચિવશ્રી, (ખર્ચ) નાણાં વિભાગ, ગુજરાત સરકાર

(D) માન. મંત્રીશ્રી, શિક્ષણ, ગુજરાત રાજ્ય

(22) જીસીઈઆરટી દ્વારા નેશનલ ડિજિટલ લાયબ્રેરી એપમાં વાર્તાના કેટલાં પુસ્તકો મૂકવામાં આવેલ છે ?

(A) 29 | (B) 34 | (C) 39 | (D) 31

(23) GCERT ની ગવર્નિંગ બોડીમાં જો કોઈ ફેરફાર થાય તો MOU મુજબ રજિસ્ટ્રાર ઓફ સોસાયટીઝને કેટલા દિવસોની સમયમર્યાદામાં સુધારો કરાવવો / જાણ કરવાની રહે છે ?

(A) 30 દિવસ (B) 45 દિવસ (C) 15 દિવસ (D) 60 દિવસ

(24) વર્તમાનપત્રોમાં છપાયેલ નકારાત્મક અહેવાલોનો રદીયો આપવા પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીની કઈ શાખા કામગીરી કરે છે ?

(A) ક શાખા (B) સંકલન શાખા

(C) ગ શાખા (D) ખ-2 શાખા

(25) નવભારત સાક્ષરતા કાર્યક્રમ અંતર્ગત વિકસાવાયેલ એપ્લિકેશન કયા નામથી ઓળખાય છે ?

(A) ULHAS (B) ULLAS

(C) ULAAS (D) ULASH

(26) TET પરીક્ષાના પ્રમાણપત્રની અવધિ માટે છેલ્લો સુધારો કયા ઠરાવથી કરવામાં આવ્યો છે ?

(A) 30/07/24 (B) 30/08/24

(C) 30/06/24 (D) 31/05/23

(27) રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલ TET-2 ના પ્રસિદ્ધ કરવામાં આવેલ પરિણામમાં ઉત્તીર્ણ થયેલ ઉમેદવારોના પર્સન્ટાઇલ રેન્કના આધારે મેરીટ યાદી બનાવવાની જોગવાઈ કોને લાગુ પડે ?

(A) વિદ્યાસહાયક (B) જ્ઞાનસહાયક

(C) ખેલસહાયક (D) શાળાસહાયક

(28) શિક્ષક અભિરુચિ કસોટીના તા. 29/04/23 ના ઠરાવ અનુસાર તેના મેરીટ લીસ્ટની અવધિ ક્યાં સુધી હશે ?

(A) એક વર્ષ (B) ત્રણ વર્ષ

(C) પાંચ વર્ષ (D) નવી TAT નું મેરીટ બને ત્યાં સુધી

(29) મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ યોજના હેઠળ નિયત ધોરણ મુજબ પસંદ થયેલ સ્વનિર્ભર શાળામાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને ધોરણ-10 માં કેટલી શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે ?

(A) 20,000 (B) 22,000

(C) 23,000 (D) 25,000

(30) મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ યોજના હેઠળ પાત્રતા ધરાવતા પાંચ વિદ્યાર્થી સરકારી માધ્યમિક શાળામાં ધોરણ - 9 માં પ્રવેશ મેળવે છે. શાળાને વાર્ષિક કુલ કેટલી ગ્રાન્ટ મળશે ?

(A) 3,000 (B) 6,000

(C) 7,000 (D) 15,000

(31) રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986 મુજબ નિરક્ષરતા નિવારણ માટે કયા વય જૂથને આવરી લેવામાં આવેલ હતું ?

(A) 15 થી 21 (B) 15 થી 60 (C) 15 થી 45 (D) 15 થી 35

(32) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-1986 મુજબ સાતમી પંચવર્ષીય યોજનાને અંતે + 2 તબક્કે કેટલા ટકા વિદ્યાર્થીઓને વ્યવસાયલક્ષી પ્રવાહ તરફ વાળવા જોઈએ ?

(A) 15 % (B) 20 % (C) 12 % (D) 10 %

(33) રાષ્ટ્રીય આયનું કેટલા ટકા રકમ શિક્ષણ પાછળ ખર્ચ કરવાનું નિર્ધારિત કરેલ હતું ? સંદર્ભ - 1986 રાષ્ટ્રીય શિક્ષણ નીતિ

(A) 8 % (B) 4 % (C) 6 % (D) 4.8 %

(34) NEP-2020 અનુસાર "શાળા તૈયારી મોડ્યુલ" કયા ધોરણના વિદ્યાર્થીઓ માટે વિકસિત કરવામાં આવેલ છે ?

(A) ધોરણ - 1 (B) ધોરણ - 3

(C) ધોરણ - 5 (D) પૂર્વપ્રાથમિક નર્સરી

(35) NEP-2020 અંતર્ગત તમામ ઉચ્ચશિક્ષણ સંસ્થાઓ કયા વર્ષ સુધીમાં બહુવિદ્યા શાળાકીય બનવાનું આયોજન કરશે ?

(A) 2025 (B) 2035 (C) 2040 (D) 2030

(36) "નિપુણ ભારત" અંતર્ગત સ્ટેકહોલ્ડર્સને કેટલી કેટેગરીમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે ?

(A) 6 (B) 4 (C) 12 (D) 14

(37) નિપુણ ભારત મિશન અંતર્ગત FLN ની લક્ષ્ય પ્રાપ્તી વર્ષ 2026-27 કયા ધોરણ સુધી પૂર્ણ કરવામાં આવશે ?

(A) 8 (B) 6 (C) 5 (D) 3

(38) NCF-FS ગણિત, વિષય માટે બાળકોને કયા ધોરણથી અણગમો અને નકારાત્મક વલણનો ઉદ્ભવ થાય છે ?

(A) ચોથા (B) ત્રીજા (C) પાંચમાં (D) છઠ્ઠા

(39) વિષયવસ્તુમાં સાંઈન્ટીફીક મુલ્યો દર્શાવવા જોઈએ, NCF - શાળાશિક્ષણમાં કુલ કેટલા સાંઈન્ટીફિક મૂલ્યોનું સમાવેશ કરવામાં આવેલ છે ?

(A) 9 (B) 7 (C) 8 (D) 6

(40) સાક્ષર ભારત-2010 મુજબ ક્રિયાત્મક સાક્ષરતા પ્રાપ્ત કરવા માટે કઈ વય ઉપરના નિરક્ષરને સમાવવામાં આવે છે ?

(A) 15 + (B) 18 + (C) 14 + (D) 16 +

(41) GCERT ના મેમોરેન્ડમ ઓફ એસોસિયેશનમાં GCERT હસ્તક કેટલા ડિપાર્ટમેન્ટસનો સમાવેશ કરવામાં આવેલ છે ?

(A) 14 (B) 12 (C) 11 (D) 16

(42) વિદ્યાર્થીએ માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા આપતા સમયે કયા ધોરણમાં હોવું જોઈએ ?

(A) 8 (B) 9 (C) 10 (D) 12

(43) NEP-2020 અંતર્ગત ભારત દેશમાં એગ્રીકલ્ચર યુનિવર્સિટીઝ તમામ યુનિવર્સિટીઝ પૈકી કેટલા ટકામાં ઉપલબ્ધ છે ?

(A) 12 % (B) 8 % (C) 9 % (D) 7 %

(44) NCF-FS 2022 ની પહેલાં કયું NCF-FS આવેલું ?

(A) NCF-FS 2005 (B) NCF-FS 2002

(C) NCF 2011 (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

(45) NEP 2020 માં દર્શાવેલ કૌશલ્યો પૈકી નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) Communication
(B) Critical Thinking
(C) Creativity
(D) Counselling

(46) શિક્ષકોની નિમણૂક માટે લેવાતી એલીજીબીલીટી ટેસ્ટ સંદર્ભે NEP 2020 માં શું કહેવામાં આવ્યું છે ?

(A) Foundational, Preparatory, Middle અને Secondary – એમ ચારેય સ્ટેજ માટે કસોટી
(B) Foundational, Preparatory, Middle – એમ ત્રણ સ્ટેજ માટે કસોટી
(C) Preparatory, Middle – Secondary એમ ત્રણ સ્ટેજ માટે કસોટી
(D) Foundational માટે નિદર્શન પાઠ અને ઈન્ટરવ્યુ તેમજ Preparatory, Middle અને Secondary – એમ ત્રણ સ્ટેજ માટે કસોટી

(47) NCF-SE 2023 મુજબ અધ્યયનનાં પ્રમાણિત ધોરણો માટે કયો ક્રમ સાચો છે ?

(A) શિક્ષણ/અભ્યાસક્રમના હેતુઓ – અભ્યાસક્રમનાં ધ્યેય-ક્ષમતાઓ-અધ્યયન નિષ્પત્તિઓ
(B) અભ્યાસક્રમનાં ધ્યેય-શિક્ષણ/અભ્યાસક્રમના હેતુઓ - અધ્યયન નિષ્પત્તિઓ-ક્ષમતાઓ
(C) ક્ષમતાઓ - અભ્યાસક્રમનાં ધ્યેય - શિક્ષણ/અભ્યાસક્રના હેતુઓ - અધ્યયન નિષ્પત્તિઓ
(D) શિક્ષણ/અભ્યાસક્રમના હેતુઓ - ક્ષમતાઓ - અભ્યાસક્રમનાં ધ્યેય - અધ્યયન નિષ્પત્તિઓ

(48) NCF-SE માં કેટલાં અભ્યાસક્રમ ક્ષેત્રો (Curricular Areas) આપવામાં આવ્યાં છે ?

(A) 8
(B) 11
(C) 6
(D) 5

(49) ક્ષમતાવાર ધોરણવાર અધ્યયન નિષ્પત્તિઓ કયા દસ્તાવેજમાં આપેલી છે ?

(A) NCF-FS
(B) NCF-SE
(C) NCF-SE માત્ર ધોરણ 10 સુધી
(D) NCF-SE માત્ર ધોરણ 8 સુધી

(50) NCF-SE મુજબ 'Uses appropriate tools and technology in daily life situations and for learning' ક્ષમતા બાળવિકાસના કયા ક્ષેત્રમાં આવે છે ?

(A) બોધાત્મક વિકાસ
(B) સામાજિક વિકાસ
(C) અધ્યયનની હકારાત્મક ટેવ
(D) માનસિક વિકાસ

(51) NCF-SE 2023 મુજબ મિડલ સ્ટેજના વિદ્યાર્થીઓએ કેટલી ભાષાઓ શીખવાની છે ?

(A) ચાર ભાષાઓ
(B) ત્રણ ભાષાઓ
(C) અંગ્રેજી ઉપરાંત ત્રણ ભાષાઓ
(D) સંસ્કૃત ઉપરાંત ત્રણ ભાષાઓ

(52) NCF-SE મુજબ ધોરણ 6 થી 8 માં ભાષાઓ માટે આપવામાં આવનાર સમય બાબતે શું સાચું છે ?

(A) પ્રથમ ભાષાને સૌથી ઓછો સમય અને તૃતીય ભાષાને સૌથી વધુ સમય
(B) પ્રથમ ભાષાને સૌથી વધુ સમય અને તૃતીય ભાષાને સૌથી ઓછો સમય
(C) પ્રથમ ભાષાને સૌથી ઓછો સમય અને દ્વિતીય ભાષા તેમજ તૃતીય ભાષા સમાન સમય
(D) પ્રથમ ભાષાને સૌથી વધુ, દ્વિતીય અને તૃતીય ભાષાને મધ્ય તેમજ ચોથી ભાષાને સૌથી ઓછો સમય

(53) NCF-SE 2023 ના આધારે Vocation અને Profession વિશે શું સાચું છે ?

(A) બંને વચ્ચે કોઈ તફાવત કરવામાં આવતો નથી.

(B) Vocation માં શારીરિક કાર્ય આવે જ્યારે Profession માં માનસિક કાર્ય આવે

(C) Vocation ને વધુ મહત્ત્વ છે, Profession ને ઓછુ મહત્ત્વ છે.

(D) Profession ને વધુ મહત્ત્વ છે, Vocation ને ઓછું મહત્ત્વ છે.

(54) NCF-FS મુજબ બાળક 20 મિનીટ સુધી કોઈ એક કાર્યમાં સામેલગીરી જાળવી રાખે એવું કયા ધોરણમાં અપેક્ષિત છે ?

(A) બાલવાટિકા (B) ધોરણ 1 (C) ધોરણ 2 (D) ધોરણ 3

(55) વ્યાવસાયિક શિક્ષણના એકીકરણ માટે MHRD કઈ એક રાષ્ટ્રીય સમિતિની રચના કરશે ?

(A) NCIEV (B) NCVIE

(C) NCIVE (D) NICVE

(56) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 માં શાળાકીય શિક્ષણના માળખામાં કયા વર્ષના વિદ્યાર્થીઓ માટેની નવી વ્યવસ્થા પુનઃ ગઠિત કરવાનો નિર્દેશ કરે છે.

(A) 6 થી 18 વર્ષ (B) 3 થી 14 વર્ષ

(C) 3 થી 18 વર્ષ (D) 6 થી 14 વર્ષ

(57) પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ સ્થાનિક વ્યાવસાયિક નિષ્ણાતોના માર્ગદર્શનમાં તાલીમ મેળવે તે માટે NEP-2020 ના કયા પ્રકરણમાં 10 દિવસના દફતર વગરના તાસની ભલામણ કરવામાં આવી છે ?

(A) પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ : અધ્યયનનો પાયો (વિભાગ-1 પ્રકરણ-1)

(B) શાળામાં અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્ર (વિભાગ-1 પ્રકરણ-4)

(C) શિક્ષક (વિભાગ-1 પ્રકરણ-5)

(D) શાળા શિક્ષણ માટેના ધારા ધોરણ અને પ્રમાણીકરણ (વિભાગ-1 પ્રકરણ-8)

(58) NEP-2020 અંતર્ગત શિક્ષકોને સ્વ-સુધારણા માટે અને વ્યવસાયમાં સાંપ્રત નવીનતાઓના અધ્યયનની તક મળે તે માટે દર વર્ષે ઓછામાં ઓછા કેટલા કલાકના વ્યાવસાયિક વિકાસના કાર્યક્રમોમાં ભાગ લેવો જરૂરી છે ?

(A) 50 કલાક (B) 60 કલાક

(C) 25 કલાક (D) 10 કલાક

(59) NEP-2020 માં દર્શાવવામાં આવેલ SSSA શું છે ?

(A) School Standard Significant Authority (B) State School Standard Authority

(C) State Standard School Authority (D) School Success Standard Authority

(60) NCFSE માં ભારતીય દર્શન શાસ્ત્ર પરંપરામાં જ્ઞાન પ્રાપ્તિ માટે ઉપયોગમાં વપરાયેલા મુખ્ય પ્રમાણ આપવામાં આવ્યા છે. આપેલ વિકલ્પ પૈકી કયું બંધબેસતું નથી.

(A) પ્રત્યક્ષ (Perception) (B) ન્યાય (Justice)

(C) અનુમાન (Inference) (D) શબ્દ પ્રમાણ (Testimony)

(61) NCFSE - અંતર્ગત વાચન વિકાસના તબક્કા આપેલ છે. જે અંતર્ગત બાળક મૌલિક અવાજો અને લેખિત પદ્ધતિમાં દશ્ય પ્રતીકાત્મક સ્વરૂપ વચ્ચે જોડાણ કરે છે આ પાસાને શું કહે છે ?

(A) એનકોડ (Encode)
(B) ડીકોડ (Decode)
(C) રીકોડ (Recode)
(D) અનકોડ (Uncode)

(62) National Steering Committee for National Curriculum Frameworks ના Member Secretary કોણ હતા ?

(A) K. Kasturirangan
(B) Manjul Bhargav
(C) M. K. Shridhar
(D) Dinesh Prasad Saklani

(63) NCF-FS ના આધારે 0-3 વર્ષની વયજૂથ માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત પૂર્વ પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણની વ્યવસ્થા પરિવારમાં ગોઠવાય તે હેતુથી તેની માર્ગદર્શિકા કોના દ્વારા તૈયાર કરી પ્રસારિત કરવામાં આવશે.

(A) શિક્ષણ મંત્રાલય
(B) સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય
(C) મહિલા અને બાળવિકાસ મંત્રાલય
(D) કૌશલ્ય સંવર્ધન વિકાસ મંત્રાલય

(64) NCF-FS ના આધારે ન્યૂરો-સાયન્સમાં થયેલા સંશોધન મુજબ 6 વર્ષ સુધીના મગજના કેટલા ટકા હિસ્સાનો વિકાસ થઈ જાય છે.

(A) 50 %
(B) 65 %
(C) 75 %
(D) 85 %

(65) શિક્ષણ મંત્રાલય દ્વારા 2014 માં શરૂ કરવામાં આવેલ "પઢે ભારત, બઢે ભારત" કાર્યક્રમનો મુખ્ય હેતુ શો હતો ? (નિપુણ ભારત આધારિત)

(A) 100 % નામાંકન
(B) 100 % સ્થાયીકરણ
(C) પ્રારંભિક વાચન, સમજપૂર્વકનું લેખન અને પ્રારંભિક ગણિત શીખે
(D) ધોરણ - 8 સુધીનું પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરે

(66) "વિદ્યાર્થી 999 સુધીની સંખ્યા વાંચે અને લખે છે" આ અધ્યયન નિષ્પત્તિ કયા ધોરણ / વયજૂથને અનુરૂપ છે ? (નિપુણ ભારત અંતર્ગત)

(A) ધોરણ - 1 / 6 થી 7 વર્ષ
(B) ધોરણ - 2 / 7 થી 8 વર્ષ
(C) ધોરણ - 3 / 8 થી 9 વર્ષ
(D) ધોરણ - 4 / 9 થી 10 વર્ષ

(67) "વિદ્યાર્થી ઉંમર પ્રમાણે અજાણ્યા લખાણમાંથી ઓછામાં ઓછા 60 શબ્દો પ્રતિ મિનિટનું વાચન યોગ્ય રીતે, સમજણ અને સાચા ઉચ્ચારથી કરે છે" આ નિષ્પત્તિ કયા ધોરણ / વયજૂથને અનુરૂપ છે. (નિપુણ ભારત અંતર્ગત)

(A) ધોરણ - 1 / 6 થી 7 વર્ષ
(B) ધોરણ - 2 / 7 થી 8 વર્ષ
(C) ધોરણ - 3 / 8 થી 9 વર્ષ
(D) ધોરણ - 4 / 9 થી 10 વર્ષ

(68) નિપુણ ભારત હેઠળ પાયાના વર્ષોમાં ત્રણ મુખ્ય વિકાસલક્ષી લક્ષ્યો આપવામાં આવેલ છે. આપેલ પૈકી કયું લક્ષ્ય બંધબેસતું નથી.

(A) અધ્યયનના પ્રત્યેક વર્ષમાં ઊંચી શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરે.
(B) બાળક સારું સ્વાસ્થ્ય અને સુખાકારી જાળવી રાખે.
(C) બાળકો અસરકારક પ્રત્યાયનકર્તા બને.
(D) બાળકો સક્રિય ભાગીદારી નોંધાવે અને આસપાસના વાતાવરણ સાથે અનુબંધ કેળવે.

(69) "બાળક - સગાં સંબંધીઓ સાથે વ્યક્તિગત સંબંધ વિશેની સમજ કેળવે છે" આ HW ની ક્ષમતા (અધ્યયન નિષ્પત્તિ) કયા ધોરણના વિદ્યાર્થીઓએ સિદ્ધ કરવી જરૂરી બની રહે છે. (નિપુણ ભારત સંદર્ભ)

(A) પ્રિ-સ્કૂલ 1
(B) પ્રિ-સ્કૂલ 2
(C) બાલવાટિકા
(D) ધોરણ - 1

(70) વર્ષ 2022-23 માં ધોરણ 1 થી 5 માં વિદ્યાર્થીઓનો કુલ ડ્રોપ-આઉટ દર કેટલા ટકા હતો ?

(A) 2.09
(B) 1.97
(C) 1.40
(D) 1.17

(71) વિદ્યાર્થી પહેલ યોજના હેઠળ સરકારી માધ્યમિક શાળાને કેટલું અનુદાન આપવામાં આવે છે ?

(A) 1,00,000/-
(B) 75,000/-
(C) 50,000/-
(D) 25,000/-

(72) સંસ્કૃત ભાષા, સાહિત્ય, ભારતીય સંસ્કૃતિ અને તત્ત્વચિંતનના સંવર્ધન અને હયાત સંસ્કૃત પાઠશાળાઓના સશક્તિકરણ માટે વર્ષ 2022 થી કઈ યોજનાની મંજૂરી આપવામાં આવી છે.

(A) મિશન ગુરુકુલ
(B) સંસ્કૃત સાધના યોજના
(C) સંસ્કૃત વિકાસ પરિયોજના
(D) સંસ્કૃત ગુરુકુલમ યોજના

(73) જિલ્લામાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) ની સ્થાપના કરવા અંગેનું સૂચન કઈ શિક્ષણ નીતિમાં સૌ પ્રથમ કરવામાં આવ્યું હતું ?

(A) NPE - 1968
(B) NPE - 1986
(C) NPE - 1992 (POA)
(D) NEP - 2020

(74) આર્થિક રીતે વંચિત વિદ્યાર્થીઓના મોટા સમૂહવાળા વિસ્તારોમાં આવેલી શાળાઓમાં NEP 2020 દ્વારા કેટલા PTR ની ભલામણ કરવામાં આવી છે ?

(A) 20:1 (B) 25:1 (C) 30:1 (D) 35:1

(75) NCF-SE 2023 માં અભ્યાસક્રમ સંદર્ભે વિષયવસ્તુમાં ઘટાડો કરવાનું સૂચવવામાં આવેલ છે. તેનો અર્થ થાય છે કે,....

(A) વિષયો તથા તેના પાઠ્યપુસ્તકોમાં પ્રકરણો ઓછા કરવા.
(B) દરેક ધોરણમાં વિષયો ઘટાડવા.
(C) વિષયવસ્તુમાં મુખ્ય આવશ્યક મુદ્દાનો સમાવેશ કરવો.
(D) વિષયવસ્તુને રમત દ્વારા તેમજ આનંદદાયી રીતે શીખવવું.

(76) નીચેના પૈકી કયો વિકલ્પ CROSS CUTTING THEMES માં સમાવવામાં આવેલ છે ?

(A) Inclusion in schools
(B) Language Education
(C) Art Education
(D) Vocational Education

(77) NCF - SE માં સમય ફાળવણી (Time Allocation) અંગેની જાણકારી કયા વિભાગ (Part) માં આપવામાં આવી છે ?

(A) Part - A (B) Part - B (C) Part - C (D) Part - D

(78) રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા - શાળા શિક્ષણમાં અધ્યયન નિષ્પત્તિઓની તારવણી શેના આધારે કરવામાં આવે છે ?

(A) શાળા શિક્ષણના લક્ષ્યો
(B) અભ્યાસક્રમના ધ્યેયો
(C) અધ્યયનનાં પ્રમાણિત ધોરણો
(D) ક્ષમતાઓ

(79) National Children's Board રચવાની ભલામણ કઈ સમિતિ દ્વારા કરવામાં આવી હતી ? (NCF-FS આધારે)

(A) The Committee for ECCE (1953)
(B) The Committee on Child Care (1963-64)
(C) The Kothari Commission (1964)
(D) NEP 2020

(80) NCF-FS માં વિવિધ શિક્ષણનાં ક્ષેત્રો (domains)માં બાળ વિકાસની વાત કરવામાં આવી છે. જે પૈકી નીચેનામાંથી કયું ક્ષેત્ર (domain) લાગું પડતું નથી?

(A) બોધાત્મક વિકાસ (Cognitive)
(B) સામાજિક - ભાવનાત્મક વિકાસ (Socio-Emotional)
(C) સાંસ્કૃતિક વિકાસ (Cultural)
(D) ધાર્મિક વિકાસ (Religious)

(81) રાજ્યમાં નિપુણ ભારત મિશન અંતર્ગત અભ્યાસક્રમ તથા અધ્યયન સામગ્રી તૈયાર કરવાની જવાબદારી કઈ સંસ્થાને સોંપવામાં આવી છે ?

(A) NCERT
(B) SCERT
(C) SSA
(D) CBSE

(82) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા નિપુણ ભારત સંદર્ભે કયા પ્રકારની કામગીરી કરવાની થાય છે ?

(A) તાલુકા સ્તરે FLN ધ્યેયોની સામે તેની પ્રગતિની દેખરેખ રાખવી.
(B) FLN માટે શિક્ષકો, પ્રશિક્ષકો, આયોજકોને સંસાધન સેતુ તરીકે વિકસાવવા.
(C) FLN માટે આનંદદાયી, નાવીન્ય પૂર્ણ સ્થાનિક સંદર્ભ પર ભાર મૂકતી સામગ્રી તૈયાર કરાવવી.
(D) FLN અંતર્ગત ઉપલબ્ધ કરાવવામાં આવતી અધ્યયન સામગ્રીનું સમયસર વિતરણ કરાવવું.

(83) પાયાનું સંખ્યાજ્ઞાન અને ગાણિતીક કૌશલ્ય અંતર્ગત બાળકોને પેટર્ન શીખવવા માટેના પગલાં નીચે જણાવેલા છે, તેનો યોગ્ય ક્રમ જણાવો.

(i) પેટર્નની ઓળખ
(ii) નિયમનું વર્ણન
(iii) વિસ્તૃત પેટર્ન
(iv) નવી પેટર્ન બનાવવી

(A) (i) → (ii) → (iii) → (iv)
(B) (i) → (iii) → (ii) → (iv)
(C) (ii) → (i) → (iii) → (iv)
(D) (i) → (ii) → (iv) → (iii)

(84) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ના પ્રકરણ-4 ના કયા મુદ્દામાં વાર્તાકથન આધારિત શિક્ષણશાસ્ત્રને એક માપદંડ આધારિત શિક્ષણશાસ્ત્ર તરીકે જોવાશે ?

(A) 4.7 (B) 4.8 (C) 4.6 (D) 4.5

(85) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1986 નો ક્યો મુદ્દો શિક્ષણની વ્યવસ્થાએ બાળકેન્દ્રી અભિગમનો છે ?

(A) 4.6
(B) 5.6
(C) 3.6
(D) 6.6

(86) શાળાની ગુણવત્તાની ચકાસણી કોના દ્વારા કરવામાં આવે છે ?

(A) GCERT
(B) GSEB
(C) GSSTB
(D) GSQAC

(87) બાળ મેળાથી વિદ્યાર્થીઓમાં શાનો વિકાસ થાય છે ?

(A) સહકાર, નેતૃત્વ, લોકશાહી ભાવના, સાહસિકતા
(B) સર્જનાત્મકતા અને મૌલિકતા
(C) જીવનવ્યવહારમાં ઉપયોગી વિવિધ કૌશલ્યો
(D) ઉપરોક્ત તમામ

(88) ગુણોત્સવ 2-0 માં પ્રાથમિક શાળાના મૂલ્યાંકન માટે મુખ્યક્ષેત્ર-5 માં કુલ કેટલા ગુણનું મૂલ્યાંકન રાખવામાં આવેલ છે.

(A) 100
(B) 150
(C) 200
(D) 250

(89) ગુજરાત રાજ્યમાં NAS (નેશનલ એચિવમેન્ટ સર્વે) વર્ષ 2024 ની પરીક્ષા કયા ધોરણમાં લેવામાં આવશે ?

(A) ધોરણ - 3, 5, 8
(B) ધોરણ - 3, 5, 7
(C) ધોરણ - 3, 6, 9
(D) ધોરણ - 3, 4, 7

(90) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા કયા ધોરણના પાઠ્યપુસ્તકનું અભ્યાસ સાહિત્ય તૈયાર કરવામાં આવતું નથી ?

(A) પૂર્વ પ્રાથમિક - 1, 2
(B) ધોરણ - 4
(C) ધોરણ - 3
(D) ધોરણ - 5

(91) શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષણને લગતી કઈ કામગીરી કરવામાં આવે છે.

(A) નીતિ ઘડતર
(B) યોજના
(C) ઠરાવ
(D) ઉપરોક્ત તમામ

(92) STTI નું પૂરું નામ જણાવો.

(A) સ્ટેટ ટીચર ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ
(B) સેકન્ડરી ટીચર ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ
(C) સેકન્ડરી ટીચર ટેકનીકલ ઇન્સ્ટીટ્યુટ
(D) સ્ટેટ ટીચર ટેકનીકલ ઇન્સ્ટીટ્યુટ

(93) PMSHRI સ્કૂલ્સ એટલે શું ?

(A) PM Schools for Rising India
(B) PM Schools of Rising India
(C) PM Schools for Redevelopment India
(D) PM Schools of Redevelopmant India

(94) ધોરણ - 9 ના વિદ્યાર્થીઓની પ્રતિભાને બહાર લાવવા માટે યોજવામાં આવતી પ્રખરતા શોધ કસોટી કઈ સંસ્થા દ્વારા આયોજિત કરવામાં આવે છે ?

(A) રાજ્ય પરીક્ષા બોર્ડ

(B) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

(C) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

(D) સમગ્ર શિક્ષા

(95) GSQAC ની સ્થાપના કયા વર્ષમાં કરવામાં આવી હતી ?

(A) 2018 (B) 2020 (C) 2024 (D) 2010

(96) શાળાની વેબસાઇટની સાથે બીજું કંઈ વેબસાઇટ પર સાર્વજનિક અને ખાનગી બંને શાળાઓના વર્ગો, વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સંખ્યાની જાણકારી, શીખવવાના વિષય, ફી, NAS અને SAS ના વિદ્યાર્થીઓના સમગ્ર પરિણામ સાર્વજનિક કરવાનું NEP-2020 માં સૂચવવામાં આવેલ છે ?

(A) SSSA (B) SSA

(C) GCERT (D) CDS

(97) રોસ્ટર અને તેને આનુષંગિક કાર્યવાહી શિક્ષણ વિભાગની કઈ બ્રાંચ હેઠળ થાય છે ?

(A) N - Branch (B) R - Branch

(C) Ch - Branch (D) E - Branch

(98) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગરમાં આવેલ પૈકી કયા વિભાગ (શાખા)નો સમાવેશ થતો નથી ?

(A) શિક્ષક - પ્રશિક્ષક શાખા (B) અભ્યાસક્રમ અને મૂલ્યાંકન શાખા

(C) આયોજન અને વ્યવસ્થાપન શાખા (D) પૂર્વ સેવા તાલીમ (શિક્ષણ) શાખા

(99) આંગણવાડીમાં કાર્યરત કર્મચારીઓને NEP-2020 અંતર્ગત ECCE ની તાલીમ આપવાનો પ્રકલ્પ રાખવામાં આવેલ છે જે સંદર્ભ આપેલ વિકલ્પ પૈકી કયો વિકલ્પ સાચો નથી.

(A) આંગણવાડીના કાર્યકર્તાઓને NUEPA દ્વારા તૈયાર કરાયેલ અભ્યાસક્રમ અને શૈક્ષણિક માળખાને અનુરૂપ તાલીમ આપવામાં આવશે.

(B) 10 + 2 કરતા વધુ શૈક્ષણિક લાયકાત ધરાવતા આંગણવાડી કર્મચારીઓને છ (૬) માસનો સર્ટિફિકેટ કોર્સ કરાવવામાં આવશે.

(C) 10 + 2 કરતા ઓછી શૈક્ષણિક લાયકાત ધરાવતા આંગણવાડી કર્મચારીઓને એક વર્ષનો સર્ટિફિકેટ કોર્સ કરાવવામાં આવશે.

(D) પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણના તાલીમ કાર્યક્રમોનું નિરીક્ષણ CRC દ્વારા કરવામાં આવશે.

(100) CAG (ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડીટર જનરલ)ના મુલ્કી અહેવાલો ઉપરની સમગ્ર કામગીરી "શિક્ષણ વિભાગની" કઈ શાખા દ્વારા કરવામાં આવે છે ?

(A) વ-૧ (ઑડિટ દ્વારા) શાખા (B) વ (બજેટ) શાખા

(C) વ-૨ - શાખા (D) ખ-૧ શાખા

◆◆◆

## રફ કામ માટેનું પેઈજ

PAPER-2

## રફ કામ માટેનું પેઈજ

પરીક્ષા પૂરી થયાબાદ OMR શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.